જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૧/૨૦૧૭ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૭/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૪ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી, ૩૯ લીટર દેશી દારૂ, ૧૬૨ બોટલ ઇગ્લીશ દારૂ, ૨૪૦ બીયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૧,૬૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૮/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૪૯/૧૭**

**શાહીબાગઃ** પુર્વી ડૉ\ઓ નંદનભાઇ મહેતા (ઉ.વ.૪૬)(રહે.શિવસદન શાહીબાગ હોટલ સામે ચંન્દ્રમણી હોસ્પીટલની બાજુમા શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૧/૧૭ રાતના ૯/૦૦ થી તા.૭/૧/૧૭ કલાક ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના છતનાં દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સેમસંગ ટી.વી. કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- તથા ત્રણ ટ્રાવેલ બેગ કિંમત રૂપિયા ૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૧,૦૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એ.પટેલ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૫૦/૧૭**

**નવરંગપુરાઃ** રૂપેશભાઇ સુરેન્દ્રભાઇ ભાવસાર (રહે.ટેરેસ એપાર્ટમેન્ટ કોમર્સ રોડ નવરંગપુરા) એ તા.૭/૧/૧૭ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૧/૧૭ રાતના ૯/૦૦ થી ૯/૩૫ વાગ્યા દરમ્યાન નવરંગપુરા, કોસ્મો પોલીટન હોટલની સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી એચ.પી કંપનીના લેપટોપ નંગ-૨, રીલાયન્સ વાયફાય ડોન્ગલ, લેપટોપ ચાર્જર લીનોવા કંપનીનું ટેબલેટ, ટાટા કંપનીનું વાયફાય ડોંગલ અને અગત્યનાં દસ્તાવેજો મળી કુલ કિંમત રૂપિયા ૫૫,૦૦૦/- મત્તાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી બાબુભાઇ મકનાજી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સેટેલાઇટ**: દિગ્નેશકુમાર વંસતલાલ ઓઝા (રહે.નિર્માણ કોમ્પલેક્ષ, આર.સી.ટેકનિક્લ રોડ ઘાટલોડિયા) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૧/૧૭ સાંજના ૬/૩૦ થી ૭/૩૦ વાગ્યા દરમ્યાન કલાધામ એપાર્ટમેન્ટ સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી નીકોન કંપનીનો કેમેરો કિંમત રૂપિયા ૫૦૦૦/-, સોની કંપનીની હાર્ડડિસ્ક ટુ-ટી.બી કિંમત રૂપિયા ૫૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/ તથા અગત્યનાં દસ્તાવેજો મળી કુલ કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- મત્તાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ઈન્દ્રજિતસિંહ અમરસિંહ ચલાવે છે.

**સરખેજ**: સંકેતકુમાર પ્રીતીશકુમાર ચૌધરી (રહે.વિકાસ ટેનામેન્ટ પ્રશાંત હાઈસ્કુલની બાજુમા જીવરાજપાર્ક) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૧/૧૭ બપોરના ૧/૦૦ વાગ્યાનાં સુમારે ડી-માર્ટ ના જનરલ સ્ટોર્સ એસ.આર.ટી.કાઉન્ટર ઉપર કામ કરનાર હીતેશ કરણાભાઈ હારગડાની નજર ચુકવી એક અજાણ્યો પુરૂષ હીતેશભાઈને “બે હજારની નોટ નકલી છે” તેમ કહી (બે હજારની ૨૯ નોટો) રૂપિયા ૫૮,૦૦૦/- ચોરી કરી લઈ પલાયન થઈ ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.પઠાણ ચલાવે છે.

**<u>લુંટની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૧/૧૭</u>**

**ઓઢવ**: જગદીશચંદ્ર વિધ્યાસાગર તિવારી (ઉ.વ.૫૫) (રહે.તેજેન્દ્ર પ્રકાશ સોસાયટી વિભાગ-૨ ગાયત્રી સ્કુલ રોડ ખોડીયારનગર) તા.૭/૧/૧૭ સાંજના ૭/૨૫ વાગ્યાના સુમારે શટલ ઓટોરિક્ષામાં બેસી નોકરી જઈ રહ્યા હતા ત્યારે રિક્ષામાં બેઠેલ ત્રણ પુરૂષોએ રિક્ષામાં જગદીશચંદ્રને પકડી લીધેલ અને કહેલ કે “તારા ખિસ્સામાથી જે કંઇ હોઇ તે અમને આપી દે” તેમ કહેતા જગદીશચંદ્રએ આપવાની ના પાડતા એક પુરૂષે ચપ્પુ કાઢી જગદીશચંદ્રની ગરદનની ડાબી બાજુ રાખી અને બીજાએ જગદીશચંદ્રના ખિસ્સામાંથી મોબાઇલ ફોન કિમત રૂપિયા ૧૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૦૦૦/- સાથેનુ પાકીટ કાઢી લીધુ હતુ. ત્યારબાદ ગરદન પર ચપ્પુથી લીસોટો પાડી ઓઢવ રીંગરોડ યુ.એસ.પીઝા સામે આવેલ રોડ નજીક અંધારામાં રીક્ષામાથી ધક્કો મારી ઉતારી લુંટ કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જગદીશચંદ્ર તિવારીએ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ખાંટ ચલાવે છે.

**<u>થેલો ઝુંટવી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૨/૧૭</u>**

**સરદારનગર**: અજયભાઇ બંસીધર ચતુર્વેદી (ઉ.વ.૫૯) (રહે.મહારાજા સોસાયટી સીંધુ હોસ્પીટલની બાજુમાં માયા સીનેમા રોડ નોબલનગર સરદારનગર) તા.૭/૧/૧૭ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે કોતરપુર વોટર વર્કસના દરવાજા નજીકથી સ્કુટર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ (૨૦ થી ૨૫ વર્ષાના આશરાના) બે પુરૂષો અજયભાઇના ખભામાં ભરાવેલ થેલો ખેચી લઈ નાસી ગયા હતા. જે થેલામાં કેમેરો કિમત રૂપિયા ૫૦૦/- અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ અજયભાઈ ચતુર્વેદીએ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.ખરસાણ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>આત્મહત્યાઃ-</u> <u>સમાચાર યાદી નં.૫૩/૧૭</u>

**રામોલઃ** રીદ્ધીબહેન ડો/ઓ ભરતભાઈ મોસલપુરીયા (ઉ.વ.૧૬) (રહે. સાકાર રેસીડેન્સી રીલાયન્સ પેટ્રોલપંપ પાસે વસ્ત્રાલ) એ સગાઈ બાબતે મનમાં લાગી આવતા તા.૭/૧/૧૭ કલાક ૦૦/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી.આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી ડી સોલંકી ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)